**Extra No. 18**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]    MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખઃ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જી/એસએચ/૫૧/૨૦૨૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/પી.એફ.૧/જી.૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Government Higher Secondary Teacher, Class III (Procedure for Selection) Rules, 2019**

**સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વર્ગ-૩ (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૯ સુધારવા સંબંધી**
**જાહેરનામું**

**શિક્ષણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જી/એસએચ/૫૧/૨૦૨૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/પી.એફ.૧/જી.૧:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વર્ગ-૩ (પસંદગી માટેની કાર્યરીતિ) નિયમો, ૨૦૧૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો, સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વર્ગ-૩ (પસંદગી માટેની કાર્યરીતિ) (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વર્ગ-૩ (પસંદગી માટેની કાર્યરીતી) નિયમો, ૨૦૧૯ (જેનો આમાં હવે પછી, ‘‘સદરહુ નિયમો’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨ માં, ખંડ (ઘ)ને બદલે, નીચેનો ખંડ દાખલ કરવો:-

‘‘(ઘ) શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT) એટલે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી દ્વિ-સ્તરીય પરીક્ષાના માળખાવાળી શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક.’’.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, અંતમાં નીચેનો પરંતુક દાખલ કરવો:-

‘‘પરંતુ પસંદગી સમિતિ, અન્ય વિભાગના સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરે, ત્યારે સદરહુ સમિતિ, સમગ્ર પ્રક્રિયા દરમિયાન, સંબંધિત વિભાગના નાયબ સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને રાખી શકશે.’’.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, ખંડો (ખ) અને (ગ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

‘‘(ખ) ભારતમાં સંસદના અથવા રાજ્ય વિધાનમંડળના અધિનિયમથી સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકીની કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી, પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કરેલા દરેક વિષયની સામે કોલમ ૩, ૪ અને ૫-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિષયમાં સ્નાતકની પદવી અને અનુસ્નાતકની પદવી અને પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કરેલા દરેક વિષયની સામે કોલમ ૬ અથવા ૭માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શિક્ષણમાં સ્નાતકની પદવી અથવા શિક્ષાવિશારદ (ગુજરાત વિદ્યાપીઠ) અથવા શિક્ષણમાં ડિપ્લોમા (ડી.બી.એડ.) અથવા સ્નાતક બુનિયાદી તાલીમ અભ્યાસક્રમ (જી.બી.ટી.સી.)-ની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) તેણે, પરિશિષ્ટ-૧માં, કોલમ ૯માં નિર્દિષ્ટ કરેલા સંબંધિત વિષયના દ્વિ-સ્તરીય પરીક્ષાના ઢાંચા (ફોર્મેટ) સાથે શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિક (TAT)-ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે.’’.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં,-

(૧) પેટા-નિયમો (૧) અને (૨)ને બદલે, અનુક્રમે નીચેના પેટા-નિયમો મૂકવા:-

‘‘(૧) પસંદગી સમિતિએ, શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિકમાં સંબંધિત ઉમેદવારે મેળવેલા ગુણના ૧૦૦% ગુણના ભારણના આધારે સફળ ઉમેદવારોની યાદી તૈયાર કરવી જોઇશે પરંતુ જેણે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી દ્વિ-સ્તરીય પરીક્ષાના માળખાવાળી શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિકની મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦% ગુણ મેળવેલા હોય તે ઉમેદવાર, શિક્ષકની જગા માટે અરજી કરવાને પાત્ર ગણાશે:

પરંતુ સફળ ઉમેદવારોની યાદી તૈયાર કરતી વખતે, નિમણૂક વખતે પુન:લગ્ન ન કર્યા હોય તેવા વિધવા મહિલા ઉમેદવાર માટે, આખરી ગુણના પાંચ ટકા (૫%) ગુણ, મેળવેલા કુલ ગુણમાં ઉમેરવા જોઈશે.

(૨) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવતી દ્વિસ્તરીય પરીક્ષા માળખા વાળી શિક્ષક અભિયોગ્યતા કસોટી- ઉચ્ચતર માધ્યમિકમાં સંબંધિત ઉમેદવારે મેળવેલા ગુણ, ત્યારપછીની શિક્ષક અભિયોગ્યતા કસોટીની ગુણવત્તા યાદી જાહેર થાય ત્યાં સુધી માન્ય ગણાશે.";

(૨) પેટા-નિયમ (૩) કમી કરવો.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૧૦ક. ટાટ - ઉચ્ચતર માધ્યમિક માટે માધ્યમની પસંદગી બાબત.- ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક / સહાયક શિક્ષકની નિમણૂક માટેની શિક્ષક અભિયોગ્યતા કસોટી (ટાટ - ઉચ્ચતર માધ્યમિક) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ માધ્યમોમાં યોજાશે. ઉમેદવાર તેની પસંદગી મુજબના કોઇ માધ્યમમાં (પરીક્ષા આપવા) ઉપસ્થિત રહી શકશે અને ઉમેદવારે જે માધ્યમમાં પરીક્ષા પાસ કરી હોય તે જ માધ્યમમાં શિક્ષણ આપતી શાળામાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષક તરીકે નિમણૂક માટે પાત્ર થશે.".

૭. "સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ-"૧"ને બદલે, નીચેનું પરિશિષ્ટ "૧" મૂકવું:-"

## પરિશિષ્ટ-૧

## (જુઓ નિયમ ૭ (ખ) અને (ગ))

## સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, વર્ગ ૩ની ભરતી માટે દરેક વિષય માટે જરૂરી શૈક્ષણિક લાયકાત.

| અનુ-ક્રમાંક | વિષય | વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં શૈક્ષણિક લાયકાત. | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અને અનુસ્નાતક કક્ષાએ વિષય. | | લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી.એડ./જી.બી.ટી.સી.). | | એમ.એડ./શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો) | શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિષયો (ઉચ્ચતર માધ્યમિક) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાયકાત. | વિષય. | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ગણિતશાસ્ત્ર | બી.એસસી. (ગણિતશાસ્ત્રની તમામ શાખાઓમાં) | એમ.એસસી. | સ્નાતક કક્ષાએ કોલમ (૩) માં દર્શાવેલ કોઈપણ વિષયોમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજી | | એમ.એડ./શિક્ષા પારંગત | ગણિતશાસ્ત્ર |
| ૨ | ભૌતિકશાસ્ત્ર | બી.એસસી. (ભૌતિકશાસ્ત્રની તમામ શાખાઓમાં) | એમ.એસસી. | સ્નાતક કક્ષાએ કોલમ (૩) માં દર્શાવેલ કોઈપણ વિષયોમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજી અથવા વિજ્ઞાનની કોઇ શાખાના બે વિષય | | એમ.એડ./શિક્ષા પારંગત | ભૌતિકશાસ્ત્ર |
| ૩ | રસાયણ શાસ્ત્ર | બી.એસસી. (રસાયણ શાસ્ત્રની તમામ શાખાઓમાં) | એમ.એસસી. | સ્નાતક કક્ષાએ કોલમ (૩) માં દર્શાવેલ કોઈપણ વિષયોમાં અનુસ્નાતક | ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજી અથવા વિજ્ઞાનની કોઇ શાખાના બે વિષય | | એમ.એડ./શિક્ષા પારંગત | રસાયણ શાસ્ત્ર |
| ૪ | જીવવિજ્ઞાન | બી.એસસી (જીવવિજ્ઞાનની તમામ શાખાઓમાં) | એમ.એસસી. | કોલમ(૩)માં સ્નાતક સ્તરે દર્શાવેલા વિષયોમાંથી કોઇપણ વિષયમાં અનુ-સ્નાતક | ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજી અથવા વિજ્ઞાનની કોઇ શાખાના બે વિષયો | | એમ.એડ./ શિક્ષા પારંગત | જીવવિજ્ઞાન |
| ૫ | ગુજરાતી | બી.એ/ બી.આર.એસ/ સમાજવિદ્યા વિષારદ (ગુજરાતીમાં) | એમ.એ/ એમ.આર.એસ/ સમાજવિદ્યા પારંગત | ગુજરાતી | ગુજરાતી | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ગુજરાતી |

| અનુ-ક્રમાંક | વિષય | વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં શૈક્ષણિક લાયકાત. | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અને અનુસ્નાતક કક્ષાએ વિષય. | | લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.). | | એમ.એડ./શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો) | શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિષયો (ઉચ્ચતર માધ્યમિક) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાયકાત. | વિષય. | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૬ | હિન્દી | બી.એ/ બી.આર.એસ/ સમાજવિદ્યા વિષારદ (હિન્દીમાં) | એમ.એ/ એમ.આર.એસ/ સમાજવિદ્યા પારંગત | હિન્દી | હિન્દી | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | હિન્દી |
| ૭ | અંગ્રેજી | બી.એ/ બી.આર.એસ/ સમાજવિદ્યા વિષારદ (અંગ્રેજીમાં) | એમ.એ/ એમ.આર.એસ/ સમાજવિદ્યા પારંગત | અંગ્રેજી | અંગ્રેજી | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અંગ્રેજી |
| ૮ | અર્થશાસ્ત્ર | બી.એ/ બી.આર.એસ/ બી.કોમ(અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓમાં) | એમ.એ/ એમ.આર.એસ/ એમ.કોમ | અર્થશાસ્ત્ર અને તેની તમામ શાખાઓમાં | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અર્થશાસ્ત્ર |
| ૯ | સંસ્કૃત | બી.એ.(સંસ્કૃતમાં) અથવા શાસ્ત્રી (સંસ્કૃતમાં બી.એ.- સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | એમ.એ. અથવા આચાર્ય (સંસ્કૃતમાં એમ.એ.- સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | સંસ્કૃત | સંસ્કૃત | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સંસ્કૃત |
| | | | | | અથવા | | | |
| | | | | | શિક્ષા શાસ્ત્રી (બી.એડ. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) | | | |
| ૧૦ | આંકડાશાસ્ત્ર | બી.એ./ બી.એસસી./ બી.કોમ. (આંકડાશાસ્ત્ર/ ગણિતમાં) | એમ.એ./ એમ.એસસી./ એમ.કોમ. | આંકડાશાસ્ત્ર | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | આંકડાશાસ્ત્ર |
| ૧૧ | તત્વજ્ઞાન | બી.એ. (તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્રમાં) | એમ.એ. | તત્વજ્ઞાન અથવા તર્કશાસ્ત્રમાં | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તત્વજ્ઞાન |
| ૧૨ | સમાજશાસ્ત્ર | બી.એ./ બી.આર.એસ./ સમાજવિદ્યા વિષારદ (સમાજશાસ્ત્રમાં) | એમ.એ./ એમ.આર.એસ./સમાજવિદ્યા પારંગત | સમાજશાસ્ત્ર | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સમાજશાસ્ત્ર |

| અનુ-ક્રમાંક | વિષય | વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં શૈક્ષણિક લાયકાત. | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અને અનુસ્નાતક કક્ષાએ વિષય. | | લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.). | | એમ.એડ./શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો) | શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિષયો (ઉચ્ચતર માધ્યમિક) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાયકાત. | વિષય. | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૩ | મનોવિજ્ઞાન | બી.એ. (મનોવિજ્ઞાનમાં) | એમ.એ. | મનોવિજ્ઞાન | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | મનોવિજ્ઞાન |
| ૧૪ | ભૂગોળ | બી.એ./ બી.એસસી (ભૂગોળમાં) | એમ.એ./એમ.એસસી | ભૂગોળ | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ભૂગોળ |
| ૧૫ | ઇતિહાસ | બી.એ./ બી.આર.એસ. સમાજવિદ્યા વિષારદ (ઇતિહાસમાં) | એમ.એ,/ એમ.આર.એસ./ સમાજવિદ્યા પારંગત | ઇતિહાસ | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઇતિહાસ |
| ૧૬ | રાજનીતિશાસ્ત્ર | બી.એ. (રાજનીતિશાસ્ત્રમાં) | એમ.એ. | રાજનીતિશાસ્ત્ર | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | રાજનીતિશાસ્ત્ર |
| ૧૭ | નામાપદ્ધતિ | બી.કોમ/ બી.બી.એ. (વાણિજ્ય શાખાના કોઈપણ એક વિષયમાં) | એમ.કોમ/ એમ.બી.એ. | વાણિજ્ય શાખાના કોઈપણ એક વિષયમાં | કોઈપણ એક વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | વાણિજ્ય |
| ૧૮ | કોમર્શિયલ સિસ્ટમ એન્ડ મેનેજમેન્ટ | | | | | | | |
| ૧૯ | એસ.પી.સી.સી. | | | | | | | |
| ૨૦ | કોમ્પ્યુટર સ્ટડી | બી.સી.એ/ બી.એસસી (આઇટી)/ બી.ઇ./ બી.ટેક. (કોમ્પ્યુટર/ કોમ્પ્યુટર સાયન્સ)/ બી.ઇ/ બી.ટેક. (આઇટી)/ બી.એસસી (કોમ્પ્યુટર/ કોમ્પ્યુટર સાયન્સ) | કોલમ (૩)માં દર્શાવેલ જેમાં સ્નાતકની પદવી મેળવી હોય એ પદવીમાં જ અનુ-સ્નાતક | | કોઈપણ વિષય | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | કોમ્પ્યુટર |
| ૨૧ | મરાઠી | બી.એ. (મરાઠીમાં) | એમ.એ. | મરાઠી | મરાઠી અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઈપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | મરાઠી |

| **અનુ-ક્રમાંક** | **વિષય** | **વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં શૈક્ષણિક લાયકાત.** | **લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અને અનુસ્નાતક કક્ષાએ વિષય.** | | **લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.).** | | **એમ.એડ./શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો)** | **શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિષયો (ઉચ્ચતર માધ્યમિક)** |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | **લાયકાત.** | **વિષય.** | **પદ્ધતિ-૧** | **પદ્ધતિ-૨** | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨૨ | ઉર્દુ | બી.એ. (ઉર્દુમાં) | એમ.એ. | ઉર્દુ | ઉર્દુ અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ઉર્દુ |
| ૨૩ | સિંધી | બી.એ. (સિંધીમાં) | એમ.એ. | સિંધી | સિંધી અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | સિંધી |
| ૨૪ | તમિલ | બી.એ. (તમિલમાં) | એમ.એ. | તમિલ | તમિલ અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | તમિલ |
| ૨૫ | ફારસી | બી.એ. (ફારસીમાં) | એમ.એ. | ફારસી | ફારસી અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | ફારસી |
| ૨૬ | અરબી | બી.એ. (અરબીમાં) | એમ.એ. | અરબી | અરબી અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | અરબી |
| ૨૭ | પ્રાકૃત | બી.એ. (પ્રાકૃતમાં) | એમ.એ. | પ્રાકૃત | પ્રાકૃત અથવા અન્ય ભાષા | કોલમ (૬)માં ઉલ્લેખિત મેથડ-૧ સિવાય કોઇપણ એક વિષય | એમ.એડ./ શિક્ષા પારંગત | પ્રાકૃત |
| ખાસ શિક્ષક | | | | | | | | |
| ૨૮ | યોગ આરોગ્ય અને શારીરિક શિક્ષણ | વિનયન અથવા વાણિજ્ય અથવા વિજ્ઞાનની શાખાઓના કોઇપણ વિષયમાં સ્નાતક (ઉપર્યુક્ત ઉલ્લેખિત કોઇ એક વિષયમાં) | વિનયન અથવા વાણિજ્ય અથવા વિજ્ઞાનની શાખાઓના કોઇપણ વિષયમાં અનુ-સ્નાતક | કોલમ (૪)માં દર્શાવેલ શાખાઓનો કોઇ એક વિષય | શારીરિક શિક્ષણમાં પ્રોફેશનલ સ્નાતક (બી.પી.એડ) અથવા શારીરિક શિક્ષણમાં ડિપ્લોમા (ડી.પી.એડ) | શારીરિક શિક્ષણમાં પ્રોફેશનલ અનુ-સ્નાતક (એમ.પી.એડ) | યોગ આરોગ્ય અને શારીરિક શિક્ષણ | |

| અનુ-ક્રમાંક | વિષય | વિશેષિત વિષયમાં પૂર્વ સ્નાતકમાં શૈક્ષણિક લાયકાત. | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત અને અનુસ્નાતક કક્ષાએ વિષય. | | લઘુત્તમ વ્યાવસાયિક લાયકાત (બી.એડ., શિક્ષા વિશારદ(ગુજરાત વિદ્યાપીઠ)/ડી.બી. એડ./જી.બી.ટી.સી.). | | એમ.એડ./શિક્ષા પારંગત (ગુજરાત વિદ્યાપીઠ) (ધરાવતા હોય તો) | શિક્ષક અભિયોગ્યતા કસોટીના વિષયો (ઉચ્ચતર માધ્યમિક) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | લાયકાત. | વિષય. | પદ્ધતિ-૧ | પદ્ધતિ-૨ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | અથવા | | | | | | |
| | | ત્રણ અથવા ત્રણથી વધુ વર્ષના અભ્યાસક્રમ (શારીરિક શિક્ષણ) ના અંતે આપવામાં આવેલ શારીરિક શિક્ષણમાં સ્નાતકની પદવી (બી.પી.ઇ) | પાંચ વર્ષના અંતે આપવામાં આવેલ શારીરિક શિક્ષણમાં સ્નાતક (બી.પી.ઇ) અથવા અનુ-સ્નાતકની પદવી | શારીરિક શિક્ષણ | શારીરિક શિક્ષણમાં પ્રોફેશનલ સ્નાતક (બી.પી.એડ) અથવા શારીરિક શિક્ષણમાં ડિપ્લોમા (ડી.પી.એડ) અથવા શિક્ષણમાં પ્રોફેશનલ સ્નાતક (બી.એડ) | શારીરિક શિક્ષણમાં પ્રોફેશનલ અનુ-સ્નાતક (એમ.પી.એડ) અથવા શિક્ષણમાં પ્રોફેશનલ અનુ-સ્નાતક (એમ.એડ) | | |
| ૨૯ | લેબ આસિસ્ટન્ટ | બી.એસસી. (રસાયણશાસ્ત્ર અથવા ભૌતિકશાસ્ત્ર અથવા જીવવિજ્ઞાનની તમામ શાખાઓમાં) | એમ.એસસી. | કોલમ(૩)માં સ્નાતક સ્તરે દર્શાવેલા વિષયોમાંથી કોઇપણ વિષયમાં અનુ-અનાતક | ગણિત અને વિજ્ઞાન અને ટક્નોલોજી અથવા વિજ્ઞાનની કોઇ શાખાના બે વિષયો | એમ.એડ./ શિક્ષા પારંગત | કોલમ(૩)માં સ્નાતક સ્તરે દર્શાવેલા કોઇ વિષયમાં સ્નાતકની પદવી.” | |

૮. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ-૨ કમી કરવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**અલ્કેશ ચૌધરી,**

સરકારના ઉપસચિવ.

--------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 15:56:41 IST